# નમસ્કાર ગાંધીનગર

**પમરાટ**

**છે,પથ્થરોથી સખત છે આ શાહીનું ટીપું,**
**પીડાની મૂર્તિઓ કંડારવી કયાં સહેલી છે ?**

**રમેશ પારેખ**

**પાથેય**

- રમેશ ઠક્કર

## પીડાની મૂર્તિઓ..

કલમનો વાર એ તલવારની ધાર કરતાં પણ કરપીણ હોય છે એવું દુનિયાએ અનેકવાર અનુભવ્યું છે.કોઇ શિલ્પકાર જયારે બરછટ પથ્થરમાંથી સરસ મજાનું શિલ્પ તૈયાર કરે છે ત્યારે એની પાસે અણીદાર ટાંકણું તો હોય જ છે.એ સાથે એના હાથોમાં એક ગજબનું કૌશલ્ય પણ હોય છે.નિર્જીવ પાણા ઉપર કલાત્મક શિલ્પ માટે મથામણ કરવી એવું જ કામ દેખીતી રીતે નિર્જીવ લાગતા શબ્દો થકી કોઈ જીવંત કૃતિ પ્રગટાવવાનું કામ છે.પથ્થરો દેખીતી રીતે કઠોર લાગે છે.શબ્દને આકાર આપતું શાહીનું ટીપું બાહય રીતે તરલ ભલે લાગતું હોય ખરેખર એ સરલ હોતું નથી ! એ ખડક કરતાં પણ વધારે સખત હોય છે..કવિ જયારે એને પકડી કોઇ સંવેદનાનું ડ્રિલિંગ કરે છે ત્યારે જ એમાંથી એક અદ્ભુત ફિલિંગ અવતરતી હોય છે..શબ્દનું પ્રાગટય કોઇપણ પ્રકારના બાહય કોલાહલ વગર આકાર પામતું રહે છે.આલેખન એ વ્યથાનો વ્યવહાર છે..અને એટલે જ કવિ આકાર ધારણ કરતી કૃતિઓ માટે પીડાની મૂર્તિઓ એવી ઉપમા આપે છે.!

આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશી સરસ કહે છે " શબ્દ એક એવો ઘોડો છે જે જરીકમાં પાડી નાખે.પ્રશ્ન થાય છે કે શબ્દ સાથે પનારૂં કયાં પડયું ? આના કરતાં,કહો કે,સુથાર થયા હોત તો કેવું ! પણ પછી થાય છે કે ખુરશીના પાયા બરોબર ન કર્યા હોય તો ગ્રાહક આવીને આપણા માથામાં મારે તો એને એવો અધિકાર હોઇ શકે.વિવેચકો છેવટે તો અહિંસક છે.રચનાકારે પોતે જ શબ્દને-શબ્દલયને વફાદારીપૂર્વક એના યોગ્યતમ સ્વરૂપે સ્થાપવો રહ્યો.જમાનાના આશીર્વાદરૂપે એ અનેકવિધ ઉત્તમ કવિતાનો ભાવક તરીકે આનંદ મેળવ્યો છે.તેણે ભીતર સર્જકના કાનમાં એટલું અવશ્ય કહયું છે "જો જે હોં !તને વાંચવા પ્રેરાય તેની તારે હાથે વંચના ન થાય"

એક જ પેરેગ્રાફમાં આલેખનની આખી કથા કહેવાઈ ગઈ છે.સર્જક માટે જરૂરી છે એની પ્રતિબદ્ધતા. એ ત્યારે જ શકય બને કે જયારે સામેની વ્યકિતને કે ભાવકને એની વાત પ્રતીતિકર લાગે.કાગળ કે કલમ બજારમાં મામૂલી કિંમતે મળી જાય જેમ આપણી આસપાસ અને ક પાષાણો અને ખડકો મળી જાય..એમાંથી કોઇ રચનાને આકાર આપવો કે મૂર્તિને ઘાટ આપવો એ દુર્લભ ચીજ છે જે દરેકને સુલભ હોતી નથી.એકાગ્રતા અને મૌનનું સંધાન એ જયારે શકય બને ત્યારે સર્જકતા સોળે કળાએ ખીલી ઉઠે છે.

# સંબંધોમાં ફિલિંગ અને રિફિલિંગઃ સંબંધોને લીલાછમ રાખવા માટે સતત સક્રિય રહેવું પડે?



કેટલાક સંબંધો મુખર હોય છે અને કેટલાક સંબંધો મૌન હોય છે. કેટલાક સંબંધોને ધબકતા રાખવા માટે સતત શબ્દોની જરૂર પડતી હોય છે તો વળી કેટલાક સંબંધો બોલ્યા વગર પણ સતત જીવતા રહેતા હોય છે. કેટલાક સંબંધોને સતત પાણી આપવું પડે છે તો વળી કેટલાક સંબંધો ઓછા પાણીએ પણ જીવતા હોય છે.

સંબંધોમાં ફિલિંગ અને રિફિલિંગ બંનેનું એકસરખું મહત્ત્વ છે.

ફિલિંગ એટલે કે લાગણી વગર સંબંધો જન્મતા પણ નથી અને જીવતા પણ નથી. લાગણીના પાયા ઉપર ઊભેલા શબ્દોને કાયમ જતનની જરૂર પડે છે. સંબંધોમાં જેટલું મહત્ત્વ ફિલિંગનું છે એટલું જ મહત્ત્વ રિફિલિંગનું છે.

સત્ય સનાતન હોઈ શકે, ફિલિંગ સનાતન નથી હોતી. ધર્મ સનાતન હોઈ શકે, લાગણી સનાતન ના હોય. લાગણી એક એવી અભિવ્યક્તિ છે જે સતત વ્યક્ત ન થાય તો સંબંધો સુકાઈ જાય.

રવિશંકર મહારાજને સમાજસેવક બબલભાઈ મહેતાએ એક વાર એવો સવાલ પૂછેલો કે, આ પૃથ્વી પર ભગવાન રામ આવ્યા, શ્રીકૃષ્ણ આવ્યા, બુદ્ધ આવ્યા, મહાવીર આવ્યા, જરથ્રુષ્ટ આવ્યા, ઈસુ ખ્રિસ્ત આવ્યા, મહંમદ પયંગબર આવ્યા, ગાંધી આવ્યા આમ છતાં આ સમાજ નીચે જ ઊતર્યો છે. જો આ ભગવાનો કે અવતારો કે મહાપુરુષો સમાજને સુધારી ના શક્યા તો આપણી કઈ હેસિયત છે? આપણે ગમે તેટલા પ્રયત્નો કરીશું તો સમાજ સુધરશે એવી કોઈક ખાતરી નથી.

રવિશંકર મહારાજે ખૂબ સુંદર જવાબ આપેલોઃ સમાજ આપણે પહેરેલા લૂગડા જેવો છે. જેમ શરીર પર વસ્ત્ર પહેરીએ અને વસ્ત્ર પહેરીએ અને વસ્ત્ર મેલું થાય એ રીતે આપણે સમાજમાં રહીએ એટલે સમાજ મેલો થાય. વસ્ત્રની જેમ સમાજને પણ ધોવો પડે છે. એ કામ નિરંતર ચાલુ રહેવું જોઈએ.

રવિશંકર મહારાજની આ વાત સંબંધોને પણ લાગુ પડે છે. આપણે સંબંધો બાંધીએ અને સંબંધોને ઝીલીએ એટલે સંબંધો મેલા પણ થાય. સંબંધો ઘસાઈ પણ જાય. સંબંધોને ઘસરકા પણ લાગે. આવી સ્થિતિમાં સંબંધોને સતત જીવંત રાખવા માટે પ્રયત્ન કરવો જ પડે છે.

એક પ્રોફેસર હતા. મોટી વયે તેમનાં પત્નીએ છૂટાછેડા માટે અરજી કરી. ન્યાયાધીશે કારણ પૂછ્યું. પત્નીએ કહ્યું કે, મારા પતિ મને પ્રેમ કરતા નથી. પ્રોફેસરે દલીલ કરી કે ખોટી વાત છે. હું તેમને ખૂબ પ્રેમ કરું છું. પત્નીએ કહ્યું કે, એમને પૂછો કે એમણે મને છેલ્લે આઇ લવ યુ ક્યારે કહ્યું હતું? પ્રોફેસરને બરાબર યાદ હતું. તેમણે કહ્યું કે, બરાબર ૩૧ વર્ષ પહેલાં મેં તેમને આઇ લવ યુ કહ્યું હતું. પત્નીએ દલીલ કરી કે, સાહેબ જે વ્યક્તિને ૩૧ વર્ષ સુધી મને આઇ લવ યુ કહેવાની ઈચ્છા ન થતી હોય તે વ્યક્તિ મને પ્રેમ કરે છે એમ કઈ રીતે કહી શકાય?

પ્રોફેસરે દલીલ કરી કે મિ લૉર્ડ, ૩૧ વર્ષ પહેલાં મેં આઇ લવ યુ કહ્યું હતું તેમાં જો કોઈ ફેરફાર ના હોય તો બીજી વાર તે વારંવાર મારે આઇ લવ યુ શા માટે કહેવું જોઈએ?

પ્રોફેસરની વાત સાંભળીને બધા હસી પડ્યા હતા.

સંબંધોને સતત જુદી જુદી અભિવ્યક્તિ દ્વારા જીવંત રાખવા પડે છે. આ કુદરતી અને સહજ પ્રક્રિયા છે. જે લોકો એમ નથી કરતા એ લોકોને તકલીફ પડે છે.

અમદાવાદમાં એક ભાઈ રહે છે. . તેમણે પોતાની આજુબાજુના એટલે કે નજીકનાં સગાં–સ્વજનોની યાદી બનાવી છે. દરેકના જન્મદિવસ નોંધી રાખ્યા છે. દરેકની લગ્નતિથિ પણ નોંધી છે. તેઓ અચૂક પોતાની આજુબાજુની આવી ૨૩૫ વ્યક્તિને જન્મદિવસે અને લગ્નતિથિએ શુભકામનાઓ આપે છે. યોગ્ય ભેટ પણ આપે છે. આને કારણે તેમના સંબંધો ધબકતા રહે છે. કોઈને કદાચ એવું લાગશે કે,




આ એક જાતના વેવલાવેડા છે. આ વધારે પડતી વાત છે. એમાં પ્રોફેશનાલિઝમ છે અથવા તો સંબંધોનું માર્કેટિંગ છે એવી પણ કોઈ ટીકા કરે. કોઈ પણ સ્થિતિને તમે જુદા જુદા દૃષ્ટિકોણથી જોઈ શકો. એ ભાઈનું કહેવું છે કે, મારી આ ભાવનાને કારણે મારા સંબંધો લીલાછમ રહે છે અને ખરેખર મને જીવવાની મજા આવે છે.

જો તમે જુદી જુદી પ્રવૃત્તિ અને ઉપક્રમો દ્વારા સંબંધોને ધબકતા રાખશો તો એ સંબંધો તમને સતત ધબકતા રાખશે તેમાં કોઈ શંકા નથી.

સંબંધોમાં મોટી તાકાત હોય છે. સંબંધોમાં પડેલી માત્ર આર્થિક તાકાતને જ ધ્યાનમાં લેનારા લોકો મોટી ભૂલ કરે છે. એ તો ઠીક છે. સંબંધો બાંધીને તમે તમારા વ્યવસાય કે નોકરીમાં લાભ લો એ મોટી વાત નથી. ખરેખર તો સંબંધો જિંદગી જીવવામાં સૌથી મોટી મદદ કરનારી ઉપલબ્ધિ છે. આ વાત જ સૌથી મહત્ત્વની છે. આધુનિક સમયકાળમાં માણસ એકલો પડ્યો છે તેનું કારણ એ છે કે, તેણે સંબંધોની શક્તિને ગુમાવી દીધી છે. પ્રોફેશનાલિઝમે પ્રેમને ઝાંખો પાડી દીધો છે. સંબંધોમાં જે પ્રેમ છે એ પ્રેમથી આધુનિક માણસ વંચિત રહી જાય છે અને તેને કારણે હતાશાનો ભોગ બને છે.

જૂના લોકો સંબંધોને વધારે મહત્ત્વ આપતા હતા સંબંધોમાં રિફિલિંગ કરવું એટલે શું?

ભગવાનની સામે દીવો કર્યો હોય અને ક્યારેક આપણે વાટને સંકોરીએ છીએ ને એ વાટને સંકોરવાની પ્રક્રિયા એટલે સંબંધોમાં રિફિલિંગ કરવું.

આપણે છોડ વાવ્યો હોય અને છોડ મૂરઝાઈ જતો હોય ત્યારે ક્યારામાં માટીને સરખી કરવી, ખાતર નાખવું, પાણી પાવું અને છોડને સૂર્યપ્રકાશ બરાબર મળે તેની તાકીદ કરવી તેનું નામ સંબંધોમાં રિફિલિંગ કરવું.

સંબંધોના સુરીલા ગાનને માત્ર એક વખત ગાવાથી વાત પૂરી નથી થઈ જતી. એ ગાનને વારંવાર ગાઈને આનંદ માણવાનો હોય છે.

જે. કૃષ્ણમૂર્તિ સાચું જ કહેતા હતા કે જીવન એટલે સંબંધો.

તબિયત અને સંબંધો સચવાય એટલે જીવન સાર્થક.

# આ મારી પાસે શસ્ત્ર છે જે શબ્દ નામનું... છે શબ્દ ચક્ર કૃષ્ણનું ને બાણ રામનું...

સર્જન કોઈને માટે થતું નથી;
કોઈને ઉપયોગી અવશ્ય થાય છે,
પણ સર્જનનાં ફૂલો તો ચડે અંત દેવતાને.

**- મનુભાઈ પંચોળી 'દર્શક'**

આજના આ પરિવર્તનશીલ યુગમાં વાંચનનો પ્રકાર, વાચકો અને લેખકો આ ત્રણેયમાં પણ ખૂબ મોટું પરિવર્તન આવ્યું છે. આજનું લેખન પણ મરી-મસાલાથી ભરપૂર અને ચટાકેદાર વાનગીના સ્વરુપે વાચકને પીરસવામાં આવે છે. વાચકને પણ આ જ પ્રકારનું વાચન કરવું ગમે છે. આપણે જોયું અને અનુભવ્યું છે કે આજ- કાળ કોઈ પણ બાબત કે વિષયના મૂળ એટલે કે તળિયા સુધી પહોંચવાનો કોઈ પાસે સમય જ નથી. બધું જ ઉપરછલ્લુ અને છીંછરું બની રહ્યું છે. ગમતા લેખકની એકાદ - બે કૃતિ વાંચવા માત્રથી જ વાચક તેને જાણતા હોવાનો દાવો કરવા લાગે છે. જેમ લેખક વિષે તમામ જાણકારી હોવી જરૂરી છે તે જ રીતે વાચનરસ કેવી રીતે કેળવવો તે શ્રી ઝવેરચંદ મેઘાણી ખૂબ સરસ રીતે સમજાવે છે :

"એક મિત્રનો કાગળ છે : 'હંમેશા રોજ યાદ આવે છો. પુસ્તકાલય વસાવવું છે. શોખ કેળવવો છે. પુસ્તકોની યાદી માંગું છું.''

આ મિત્ર હું સૂચવું તે વાંચશે ? અભ્યાસનિષ્ઠ બનશે? વાર્તાપુસ્તકથી વાચનરસ કેળવી શકાશે નહીં. રસેન્દ્રિયને તેજસ્વી તેમ જ તંદુરસ્ત બનાવ્યા વગર લેવાતો વાર્તારસ જ્ઞાનની હોજરીને બગાડે છે. થોડા કષ્ટદાયક વાચનથી હોજરીની સાફસૂફી થવી જોઈએ. પહેલાં વિવેચન વાંચો, કંટાળો લાવ્યા વગર ફરી ફરી વાંચો, રસને અંતરમાં સ્થિર કરો અને કવિતા પ્રત્યેની સૂગને કોરે મૂકી થોડાં થોડાં કાવ્યોનું સતત પરિશીલન કરો. રસેન્દ્રિયમાં અમી રસ પેદા થશે.

લાગણીતંત્રને ઝણઝણાવી મૂકનાર પુસ્તક પહેલે દરજ્જે ત્યાજ્ય ગણો. ઊર્મિ સંવેદનાનો સ્થિર દીપક દિલમાં બળ્યા કરે, જયોત ભડક ભડક ન થાય તે સ્થિતિ સાચા વાચન રસની છે.

લલિત — સાહિત્યના મધપૂડામાં મધુના ઉત્પાદન અર્થે આપણા જ્ઞાન કોશોની અંદર લલિતેતર જ્ઞાનસામગ્રી ભર્યા વગર છૂટકો નથી. પક્ષીઓ અને પશુઓની દુનિયા, જયોર્તિમય ગગન, ઈતિહાસ-સૃષ્ટિ વગેરે અંતરને અજવાળનારા તત્ત્વોનું અજ્ઞાન રસસાહિત્યમાં રમવાની આપણી શક્તિને હણી નાખે છે. વીનવું છું કે પ્રાણીઓની, ગ્રહોની, ભૂગોળને ઈતિહાસની ભવ્ય દુનિયામાં ઊતરો; પછી જોજો, તમને વાર્તા વાંચવી ગમશેય નહીં, વાંચવાની જરૂર પણ નહીં રહે. 'અપંગની પ્રતિભા' વાંચો, કીડી અને ઊધઈ વિષેનાં મેટરલિંકનાં પુસ્તકો વાંચો. એ એવો એક નિરોગી મુગ્ધભાવ આપશે કે તમને જીવનમીઠું લાગશે.'

વાર્તાઓ, નવલકથાઓ અને નાટકો વાંચવાનો બાધ ચોક્સ નથી પરંતુ એ જ ખરું સાહિત્ય છે અને એને વાંચવા માત્રથી જ સારા વાચક બની શકયા તેમ માનવું ચોક્કસપણે ભૂલભરેલું છે. આજના સમયમાં લેખક પણ વાચકની માંગને અનુસરીને ટી.વી. સિરિયલ જેવું રોમાંચક લખાણ પીરસે છે. અને આ પ્રકારનું લખાણ લેખક કે વાચક બંનેના દૃષ્ટિકોણ અથવા અંતરઆત્માને તસુભર પણ વધુ ઉન્નત કરવા માટે સમર્થ હોતા નથી. વાંચન એ પ્રકારનું હોવું જોઈએ જે આપણને મુઠ્ઠી ઉંચેરો માનવી બનાવે, આપણી સંવેદનાની ધાર વધુ તીવ્ર કરે અને એક વ્યક્તિ તરીકે આપણને વધુ સહિષ્ણુ બનાવે. પણ એવું વાચન કરનાર અને એનું ઉમદા લખનાર આખેઆખો વર્ગ અત્યારે જાણે ગાયબ થઈ ગયો હોય તેવું લાગે છે. 'શૂન્ય પાલનપુરી' લખે છે :

'જાઓ, દુનિયાની ખબર તો લો કે એને શું થયું ?

- કેમ તાજો ઘાવ દિલ પર આજે દેખાતો નથી.'




એક લેખક જયારે કંઈક લખે છે ત્યારે લખાણ માત્ર તેના ટેબલ પર પૂર્ણ થતું નથી. એ લખાણ વાંચકોના હાથમાં આવે ત્યારે પણ તેની સફર ચાલુ જ રહે છે. આ સફર ત્યારે જ પૂર્ણ થાય જયારે વાચક તેને પૂર્ણપણે વાંચી અને સમજી લે છે. અને માટે જ વાચકોની ભૂમિકા પણ કંઈ નાનીસૂની ન ગણાય. જે ભાષાનો વાચક બહેરો થઈ જાય એટલે કે લેખકને ગ્રહણ કરવાનું બંધ કરતો બની જાય ત્યારે તે ભાષાનો લેખક ધીમે — ધીમે મૂંગો થતો જાય. લેખકની ફરજ છે કે તે વાચકને તેના પોતાના અંતરઆત્માને 'ઢંઢોળવા મજબૂર કરી દે. જે રીતે ફિલ્મ જોવાથી મનોરંજન મળે છે તે જ રીતે અમુક પુસ્તક વાંચીને ક્ષણિક આનંદ પ્રાપ્ત થઈ શકે છે. પણ અમુક ફિલ્મો જોયા બાદ તમને પોતાની જાતમાં એક નવા સૂર્યોદયનું ધીમું-ધીમું પણ દિવ્ય અને અલૌકિક અજવાળું અનુભવાય ત્યારે જ લેખકનું લેખન સાર્થક થયું ગણાય.' શ્રી અમૃત 'ઘાયલ' લખે છે તેમ,

"આ મારી પાસે શસ્ત્ર છે જે શબ્દ નામનું...
છે શબ્દ ચક્ર કૃષ્ણનું ને બાણ રામનું...

નાનપણથી જ બાળકને બાળવાર્તાઓ વાંચવા આપણે પ્રોત્સાહિત કરવા હોઈ છીએ પરંતુ, ત્યારબાદ યુવાવસ્થા દરમિયાન તેણે કેવા પ્રકારનું વાંચન કરવું તેની ખાસ તકેદારી રખાતી નથી અને પરિણામે, ધીરે ધીરે વાચન પ્રત્યેનો તેનો રસ ઓછો થતો જાય છે. એક વધુ સારા અને સંવેદનશીલ સમાજનું સર્જન કરવા માટે આપણે વાચક તેમ જ લેખક બંનેનું બૌદ્ધિક સ્તર વધુ સારું બનાવવું પડશે, ધાર્મિક, વાંચન તેમ જ વાર્તા, નવલકથા પ્રકારના વાચનથી આગળ વધી ઉત્તમ પ્રકારનું સાહિત્ય વાંચી, જાણી તેમજ માણી શકે તેવો આખો વર્ગવિકસાવવાની સમાજને આજે તાતી જરૂર ઊભી થઈ છે.

**Last Seen :**

**"આ મારી શાયરી એ સંજીવની છે, 'ઘાયલ';**
**શાયર છું, પાળિયાને બેઠા કરી શકું છું!''**
**-અમૃત 'ઘાયલ'**

- nehalgadhavi101@gmail.com

# નાગરિકોનાં સ્વાસ્થ્ય અને ફૂડ સેફટી અધિકારોને અગ્રીમતા આપવી જોઈએ : ગુજરાત હાઈકોર્ટ

વેપાર કરતા લોકોને પણ નોનવેજનો ફૂડ સીકયુરીટી એકટ, ૨૦૧૩ના નિયમો તથા સુધારાઓનો અમલ થવો જરૂરી છે.

ગેરકાયદેસર રીતે સરકારી જમીન ઉપર દબાણ કરી અથવા તો શોપ એકટનો ભંગ કરી ગેરહકકે, ગેરકાયદેસર રીતે વેપાર કરતા તથા ધાર્મિક પ્રસંગોનાં ઓઠા નીચે મંડપો બાંધી અગર તો ફૂટપાથ ઉપર બિન પરવાનગી લારી ઉભી રાખી નોન-વેજ., ઈંડા, માંસનો વેપાર કરતા લોકોને આવી રીતે રોજગારી મેળવવા માટે તંત્ર દ્વારા પરવાનગી આપી શકાય નહી, તે મુજબનો ચુકાદો આપતા નામ. હાઈકોર્ટની ખંડપીઠે તાજેતરમાં મીટશોપ તથા કતલખાનાનાં ઓનર્સની અરજીઓ ફગાવી દિધી છે અને જણાવ્યું છે કે, એન.એફ.એસ.એ., ૨૦૧૩નો (નેશનલ ફૂડ સિકયુરીટી એકટ,૨૦૧૩) અમલ કરવો જોઈએ. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટે અરજકર્તાને જણાવ્યું કે, કતલખાનાનાં માલિકો તથા મીટશોપનાં ઓનર્સ ફૂડ સેફટી કાયદાનો તથા નિયમોનો અમલ કરતા હોય તો તે અંગે સ્થાનિક ઓથોરિટી સમક્ષ આ અંગેની પરવાનગી માંગવા અરજી ગુજારી શકે છે. જે જાહેર હિતને ધ્યાનમાં લઈ તંત્ર દ્વારા આવી અરજીનો નિકાલ કરવાનો રહેશે.

અરજદારો નિતિ-નિયમો તથા ફૂડ સેફટી એકટનાં કાયદાનું પાલન ના કરતા હોય અને જનસમૂદાયનાં આરોગ્યને હાનિ પહોંચે, પ્રદૂષણ ફેલાવે, વાસી તથા ગંદો ભેળસેળવાળો ખોરાક વેચવા માટે ધાર્મિક પ્રસંગોની આડમાં કે રમઝાન મહિનામાં મસ્જીદો બહાર રોડ ઉપર નોનવેજ, ઈંડાની લારીઓ અપ્રતિંબંધિત રીતે કતલખાના ચલાવવા પણ છૂટછાટ આપી શકાય નહી, જે પ્રદૂષણ પણ ફેલાવતા હોય તથા બિનઆરોગ્યપ્રદ ખોરાક વેચતા હોય, જયાં સુધી અરજકર્તા કે હિતધારકો કાયદાની જોગવાઈઓનું પૂરેપુરૂ પાલન ના કરે તથાં નિયમોનો અમલ ના કરે ત્યાં સુધી આવા લાયસન્સો ઓથોરિટી આપી શકે નહી. તેમજ પરવાના સીવાય ચાલતી અનસ્ટેમ્પ્ડ મીટ વેચાવાની પરવાનગીઓ આપી શકાય નહી.

નોનવેજ ખાનારાઓને પણ પૌષ્ટિક અને ગુણવત્તાસભર આહાર લેવાનો છે, જેમના હકક ઉપર ગેરકાયદેસર પરવાનગીથી તરાપ મારી ના શકાય. આવી પરવાનગીમાં રાઈટ ટૂ ફૂડ પણ આવી જાય, જેમાં સ્વસ્થતાંનાં આરોગ્યનાં ધારાધોરણો ના જળવાતા હોય અને મોટા જનસમૂદાયનાં આરોગ્યને અસર થતી હોય તેવી રીતે કતલખાનાં કે મીટ શોપ ચલાવવાની પરવાનગી આપી શકાય નહિ.

સરકારે ફૂડ સેફટીનાં કાયદા અને નિયમોનું પાલન કરાવવાની પવિત્ર ફરજ છે. ધંધો કે વેપાર કરવોએ બંધારણીય હકક છે, પરંતુ ફૂડ સેફટી અને નિયમો તથા જાહેર હિત અને સુખાધિકાર છીનવાય તેવો ધંધો, વેપાર, રોજગારી રળવાની પરવાનગી ઓથોરીટી આપી શકે નહિ. જે કાયદા દ્વારા પ્રતિબંધિત ધંધો હોય તેને જાહેરમાં સરેઆમ ના કરવા દેવાય જેનાથી ઘણા બધા નિર્દોષ લોકોની સુખાધિકાર તથા આરોગ્ય સાથે ચેડા થતાં હોય સંબંધિત વેપાર કરવા કાયદા કાનૂન તથા નિયમોનાં દાયરામાં રહી વ્યક્તિ ધંધો, રોજગાર મેળવી શકે છે.




જે શોપ, કતલખાના ગેરકાયદેસર રીતે વેપાર, ધંધો કરતા હોય અને શોપ એકટ તથા ફૂડ સેફટી એકટનાં નિયમો તથા કાયદાનો અમલ ના કરતા હોય તેવા લોકોનો જ ધંધો બંધ કરવા તંત્રએ પગલા લીધા છે. જેને કાયદા દ્વારા રક્ષણ ના આપી શકાય. પ્રદૂષણનાં નિયમો તથા ફૂડ સેફટી એકટનાં નિયમો તથા પ્રવર્તમાન કાયદા કાનૂનનાં પાલનની સામે જનસુખાધિકાર તથા જાહેર આરોગ્ય જળવાય તે દરેકની નૈતિક ફરજમાં આવે. જેથી ચોકકસ કારણોસર તેમને ખોલવા માટેની પરવાનગી મુશ્કેલીઓથી આપી શકાય નહી. દરેક નાગરિકોને સારો આરોગ્યપ્રદ ખોરાક મળી રહે એ મૂળભૂત માનવીય અધિકાર છે. જે અધિકારનો ભંગઅન્ય લોકોથી કરી શકાય નહી. નાગરિકોના બહોળા હિત અને સ્વાસ્થ્ય સુખાધિકારના ભોગે નિયમોમાં બાંધછોડની મંજુરી આપી શકાય નહી. ચીકનને પ્રાણીની વ્યાખ્યામાં ના ગણવાની અરજદારની હકીકતને સમર્થન આપી શકાય નહી. કતલખાના જેવા નિયમો મીટ શોપ કે ઈંડા, ચીકનની લારીઓ તે લાગૂ ના કરવા જોઈએ તેવી અરજદારની દલીલો નામ. હાઈકોર્ટની ખંડપીઠે ફગાવી હુકમ કરેલ છે અને જાહેર સરેઆમ વગર મંજૂરીએ રસ્તા ઉપર ચીકન, મટન, ઈંડા કે આમલેટ, ખીમો વેચતા લોકો ઉપર અન્ય લોકોનાં સુખાધિકાર અને જાહેર આરોગ્યને અસર કરેલ છે તથા મીટ શોપ કે કતલખાના નો ધંધો કરી રોજીરોટી મેળવનારને ફૂડ સેફટી તથા કાયદાનાં નિયમોનું અમલ કરી તંત્ર દ્વારા પરવાનગી લઈ રોજીરોટી મેળવવા જણાવેલ છે.

નેશનલ ફૂડ સિકયુરીટી એકટ, ૨૦૧૩નો અમલ ૭૫% ગ્રામિણ વિસ્તારવાળી વસ્તી તથા ૫૦% શહેરી વિસ્તારવાળી વસ્તીને ધ્યાનમાં લઈ અમલમાં મૂકવો જોઈએ. નેશનલ ફૂડ સિકયુરીટી એકટ, ૨૦૧૩ની કલમ-૩૯(૧) મુજબ કેન્દ્ર સરકારને આ બાબતનો પાવર છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in